સિંહો પર સંકટ

અમરેલીમાં એક જ દિવસમાં ત્રણ સિંહબાળનાં મોત થયાં

એક હત્યાની આશંકા વચ્ચે વનવિભાગની તપાસનો ધમધમાટ શરૂ

મોડા પહોંચેલા RFOએ ઘટના છુપાવવાની કોશિશ કરી હોવાનો આક્ષેપ

ગાંધીનગર : અમરેલી જિલ્લામાં માત્ર 24 કલાકમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ ત્રણ સિંહબાળના મોતની ઘટના સામે આવતા વનવિભાગ હરકતમાં આવ્યું છે. એક ઘટનામાં હત્યાની આશંકા વ્યક્ત થઈ રહી છે, જ્યારે અન્ય બે કેસમાં અલગ-અલગ કારણોની તપાસ ચાલી રહી છે. બીજી તરફ થોડા દિવસ પહેલાં જૂનાગઢમાં શંકાસ્પદ સંજોગોમાં સિંહબાળના મોતના કેસમાં વન વિભાગે એક આરોપીની ધરપકડ કરતાં સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે.

અમરેલી જિલ્લાના દલખાણીયા રેન્જ હેઠળ આવેલા દલખાણીયા ગામના રેવન્યુ વિસ્તારમાં 6થી 7 મહિનાના સિંહબાળનો મૃતદેહ અત્યંત શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સિંહબાળની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. એવી પણ શંકા છે કે અજાણ્યા શખ્સોએ સિંહબાળને મારીને તેનો મૃતદેહ ખુલ્લા રેવન્યુ વિસ્તારમાં ફેંકી દીધો હતો.

વન વિભાગે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે જરૂરી સેમ્પલ એકત્ર કર્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. આ ઘટનાને લઈને વન વિભાગે તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં સ્થાનિક વન અધિકારીઓની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાસ્થળે રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) મોડા પહોંચ્યા હોવાના આક્ષેપો થયા છે. ઉપરાંત શરૂઆતમાં સમગ્ર ઘટનાને ઉચ્ચ અધિકારીઓ અને મીડિયાથી છુપાવવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચાએ પણ વેગ પકડ્યો છે. ધારી ગીર પૂર્વ ડિવિઝનના ડીસીએફ વિકાસ યાદવે સિંહબાળના મોતની પુષ્ટિ કરી હતી.

બીજી ઘટના બગસરા તાલુકાના હામાપુર ગામેથી સામે આવી હતી, જ્યાં માત્ર બે-ત્રણ દિવસના નવજાત સિંહબાળનું મોત થયું હતું. આ મોત પાછળ કુદરતી કારણો જવાબદાર છે કે અન્ય કોઈ કારણ, તે અંગે વન વિભાગ તપાસ કરી રહ્યું છે.

ત્રીજી ઘટના પાણીયા રેન્જમાં બની હતી. વન વિભાગના જણાવ્યા મુજબ બે સિંહોના વર્ચસ્વની લડાઈ (ઈન્ફાઈટ) દરમિયાન એક સિંહબાળનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ત્રણેય ઘટનાઓ બાદ ગાંધીનગર સુધીના વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ હરકતમાં આવ્યા છે. ખાસ કરીને દલખાણીયાના શંકાસ્પદ કેસમાં ઉચ્ચ અધિકારીઓના આદેશ બાદ આસપાસના ખેતરો, વાડીઓ અને સીમ વિસ્તારોમાં ખાનગી ડોગ સ્ક્વોડ અને મેટલ ડિટેક્ટરની મદદથી સઘન સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ત્રણેય મૃતદેહોના પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

બીજી તરફ, જૂનાગઢ શહેર નજીક રબારી નેસ વિસ્તારમાં 24 જૂને 7થી 8 મહિનાના નર સિંહબાળના શંકાસ્પદ મોતના કેસમાં વન વિભાગને મહત્વની સફળતા મળી છે. સઘન તપાસ બાદ બાવન ચાવડા નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ટેકનિકલ પુરાવા, ઘટનાસ્થળેથી મળેલા સેમ્પલ અને માનવ બાતમીના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

આરોપી ફરાર હોવાનું જાણવા મળતાં પોરબંદરના કુતિયાણા વિસ્તારમાં વન વિભાગની ત્રણ ટીમોએ મેગા સર્ચ ઓપરેશન હાથ ધરી તેની ધરપકડ કરી હતી. હાલ આરોપીને જૂનાગઢ લાવી પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જૂનાગઢમાં સિંહબાળની હત્યા કરી હોવાની આરોપીની કબૂલાત

ગાંધીનગર : જૂનાગઢ નજીક રબારી નેસ વિસ્તારમાં સાતથી આઠ મહિનાના સિંહબાળની હત્યાના કેસમાં વન વિભાગને મહત્વની સફળતા મળી છે. ધરપકડ કરાયેલા આરોપીએ પૂછપરછ દરમિયાન સિંહબાળની હત્યા કરી હોવાની કબૂલાત કરી હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢ શહેર નજીક આવેલા રબારી નેસ વિસ્તારમાં 24 જૂનના રોજ સાતથી આઠ મહિનાના નર સિંહબાળનો મૃતદેહ મળી આવતાં સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે ટેકનિકલ વિશ્લેષણ, માનવબાતમી અને અન્ય પુરાવાઓના આધારે સઘન તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોરબંદર જિલ્લાના કુતિયાણા વિસ્તારમાંથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને પકડવા માટે વન વિભાગની ત્રણ અલગ-અલગ ટીમોએ મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ધરપકડ બાદ વન વિભાગે આરોપીને સાથે રાખીને ઘટનાસ્થળે સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન આરોપીના નિવેદનો, ઘટનાસ્થળેથી મળેલા પુરાવાઓ અને ઘટનાક્રમની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. વન વિભાગના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન આરોપીએ સિંહબાળની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. તપાસમાં આરોપીની માનસિકતા અત્યંત વિકૃત અને ક્રૂર હોવાનું પણ સામે આવ્યું છે. પૂછપરછ દરમિયાન આરોપીએ અગાઉ શ્વાન અને સાપ જેવા પ્રાણીઓની પણ હત્યા કરી હોવાનો ખુલાસો કર્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

ચાર સિંહને આજીવન કેદની સજા અપાઇ

સેમ્પલ રિપોર્ટમાં માનવભક્ષણની પુષ્ટી થઇ

ગાંધીનગર : અમરેલી જિલ્લામાં માનવીઓ પર થયેલા બે જીવલેણ હુમલાઓ બાદ પકડાયેલા ચાર સિંહોના સેમ્પલ રિપોર્ટમાં માનવભક્ષણની પુષ્ટિ થતાં વન વિભાગે ચારેય સિંહોને કાયમી કેદમાં રાખવાનો નિર્ણય લીધો છે. હવે આ ચારેય સિંહોને જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં ખસેડવામાં આવશે, જેથી ભવિષ્યમાં માનવજીવન માટે કોઈ જોખમ ઊભું ન થાય. થોડા દિવસ પહેલાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક ઉત્તરાખંડના પ્રકાશચંદ્ર નામના યુવક પર સિંહે હુમલો કરીને તેનો શિકાર કર્યો હતો. તપાસ દરમિયાન યુવકના શરીરના અવશેષો મળ્યા હતા.

આ ઘટનાના બે જ દિવસ બાદ ખાંભા રેન્જના ચતુરિયા ગામમાં દાદા સાથે ઉભેલા પાંચ વર્ષના બાળક પર સિંહણે હુમલો કરીને તેને ઊંચકી લગભગ એક કિલોમીટર દૂર લઈ જઈ તેનો શિકાર કર્યો હતો. બંને ઘટનાઓ બાદ વન વિભાગે સંદિગ્ધ ચારેય સિંહોને પકડી પાંજરે પૂર્યા હતા અને તેમના જૈવિક સેમ્પલ તપાસ માટે સાસણ મોકલવામાં આવ્યા હતા. પ્રાપ્ત થયેલા રિપોર્ટમાં ચારેય સિંહોએ માનવ માંસ આરોગ્યું હોવાનું સામે આવતાં વન વિભાગે તેમને ફરી જંગલમાં છોડવાના બદલે કાયમી કેદમાં રાખવાનો નિર્ણય લીધો છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ હવે આ ચારેય સિંહોને જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ખસેડવામાં આવશે, જ્યાં તેમને આજીવન રાખવામાં આવશે.

સુમુલ ડેરીની ચૂંટણી: 43માંથી 42 ઉમેદવારનાં ફોર્મ મંજૂર થયાં

એક ઉમેદવાર સામે વાંધો રજૂ, આજે સુનાવણી

કોંગ્રેસ પહેલી વાર ઉમેદવારીના ફોર્મની ચકાસણી માટે વકીલોની ટીમ સાથે આવી

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સામાન સુમુલ ડેરીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણી માટે આજે ચૂંટણી અધિકારી એન.એન.સવાણીએ આજે ફોર્મ ચકાસણી માટે તમામ ઉમેદવારોને તેડાવ્યા હતા. સવારે 11 વાગ્યે શરૂ થયેલી ફોર્મ ચકાસણીના અંતે ચૂંટણી અધિકારીએ 43 માંથી 42 ફોર્મ માન્ય રાખ્યા હતા. આમ આદમી પાર્ટીના અગ્રણી અને સોનગઢ બેઠકના ઉમેદવાર અરવિંદ ગામિતનું ફોર્મ રદ કરવાની માંગ સાથે ભાજપે વાંધો રજૂ કર્યો હતો. ગામિત જે સંસ્થાના પ્રમુખ છે એ સોનગઢ ખરીદ વેચાણ સંઘ દ્વારા બારડોલીના ફ્રૂટ એન્ડ વેજિટેબલ ફેડરેશન દ્વારા વસ્તુઓની ખરીદી કરવામાં આવી હતી.એમાં બાકી હિસાબનો મુદ્દો ઉઠાવી વાંધો રજૂ કરવામાં આવ્યો છે.

ચૂંટણી અધિકારીએ આજે ગામીતને વિધિવત પત્ર મોકલી આવતીકાલે લેખિત ખુલાસો માંગ્યો છે. અરવિંદ ગામીતે ગુજરાતમિત્રને જણાવ્યું હતું કે,તેઓની વ્યક્તિગત કોઇ રકમ બાકી નથી.આ મુદ્દે કાલે ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ ખુલાસો કરવામાં આવશે.

સુમુલની ચૂંટણીમાં 16 માંથી 5 બેઠકો બિનહરીફ થયા પછી કોંગ્રેસ પોતાના 11 ઉમેદવારોને સાચવવા આક્રમક મૂડમાં છે. આજે ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરી, દર્શન નાયક,સુરત જિલ્લા પ્રમુખ આનંદ ચૌધરી, તાપી જિલ્લા પ્રમુખ વિભવ ગામિત, 11 ઉમેદવારો,ટેકેદારો,દરખાસ્ત મુકનાર સાથે પોતાના ઉમેદવારોની ઉમેદવારી બચાવવાની નેમ સાથે આવ્યા હતા.પ્રથમવાર કોંગ્રેસના ઉમેદવાર દીઠ એક વકીલ મળી કુલ 11 વકીલોની ટીમ મોકલી હતી.પહેલીવાર કોંગ્રેસ સુમુલની ચૂંટણીમાં પુરતી તૈયારી સાથે આવી હતી.

દર્શન નાયકની ત્રણ વાંધા અરજી દફતરે, હોદ્દેદારો દૂર કરવાનું કામ મારું નથી : સવાણી

સુમુલમાં થયેલી 1000 કરોડની ગેરરિતીને ટાંકની દર્શન નાયકે તા.17/06/2025 થી તા.27/06/2026 સુધી ત્રણ વાંધા અરજીઓ રજૂ કરી હતી. જેની સુનાવણી વગર ચૂંટણી અધિકારી સવાણીએ દર્શન નાયકને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, રજીઓની હકીકત જોતાં, આપના દ્વારા મુખ્યત્વે સદર મંડળીના જવાબદાર હોદ્દેદારોને ગેરલાયક ઠેરવવા બાબતે રજૂઆત કરી છે, પરંતુ હોદ્દેદારોને લાયક/ગેરલાયક ઠેરવવાની સત્તા અમારા અધિકાર ક્ષેત્રની નથી. જેથી હોદ્દેદારોની લાયકાત બાબતે આપને કોઇ વાંધો હોય તો તે બાબતે આપ સક્ષમ ઓથોરીટી સમક્ષ દાદ મેળવી શકો છો. પત્ર મળ્યા પછી દર્શન નાયકે ફરી રજૂ કરેલા ઉત્તરમાં જણાવ્યું છે કેસુમુલના હોદ્દેદારોને લાયક કે ગેરલાયક ઠેરવવાની તેઓએ કોઈ માંગ જ કરી નથી. અમારી માંગ ગુજરાત સહકારી અધિનિયમ 1976 મુજબ કોઈ સહકારી મંડળીમાં ગેરરીતિ,નાણાંના ગેરવહીવટમાં સંડોવાયેલા હોય અને સરકારની તપાસમાં કસૂરવાર ઠર્યા હોય તો સરકાર પાસે રિપોર્ટ મંગાવી એવા ઉમેદવારોના ફોર્મ રદ કરવા પડે,કારણકે, તેઓ ચૂંટણી લડવાની પાત્રતા ગુમાવી દે છે. આ કેસમાં અમે હાઇકોર્ટમાં જઇશું

જરૂર પડે તો 11 ઉમેદવારને વિદેશ મોકલીશું : તુષાર ચૌધરી

કોંગ્રેસ અગ્રણી ડો .તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, સુમુલમાં મેન્ડેટિયો ભ્રષ્ટાચાર આચરવા ભાજપ કોંગ્રેસના ઉમેદવારો,દરખાસ્ત મુકનાર,ટેકેદારોને ડરાવી રહી છે,ધાકધમકી આપી રહી છે.તેમ છતાં કોંગ્રેસના 11 ઉમેદવારો ટેકેદારો ટકી રહ્યાં છે. અમે કોંગ્રેસના 11 ઉમેદવારોને તેઓના સમર્થકો સાથે 4 જુલાઇ સુધી એકજ સ્થળે રાખીશું. જરૂર પડશે તો કાર્યકરોના સહયોગથી વિદેશ પણ મોકલીશું.

ખાનદેશ એક્સપ્રેસ હવે અઠવાડિયામાં 6 દિવસ દોડશે

બોઈસર અને દહાણુ રોડ સ્ટેશનો પર પણ ટ્રેનને સ્ટોપેજ મળતાં મુસાફરોને મોટી રાહત

સુરતઃ સુરત અને દક્ષિણ ગુજરાતમાં વસતા ખાનદેશ વિસ્તારના હજારો રેલ મુસાફરો માટે પશ્ચિમ રેલવે દ્વારા એક મોટા અને આનંદના સમાચાર આપવામાં આવ્યા છે.

રેલવે પ્રશાસને દાદર-ભુસાવળ ખાનદેશ એક્સપ્રેસ (ટ્રેન નંબર 19003/19004) ના ફેરામાં ધરખમ વધારો કરવાનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ ચાલતી આ ટ્રેન આગામી 1 ઓગસ્ટથી શુક્રવાર સિવાય સપ્તાહના છ દિવસ દોડશે. આ ફેરફારથી મુંબઈ, સુરત અને ખાનદેશ વચ્ચે નિયમિત મુસાફરી કરતા લોકોને સીધો ફાયદો થશે.

અત્યાર સુધી આ ટ્રેનના મર્યાદિત ફેરા હોવાને કારણે મુસાફરોને ટિકિટ બુકિંગમાં ભારે વેઈટિંગનો સામનો કરવો પડતો હતો. હવે ફેરા વધવાથી મુસાફરોને સરળતાથી કન્ફર્મ ટિકિટ મળી રહેશે. સુરતમાં સ્થાયી થયેલા જલગાંવ, ભુસાવળ, નંદુરબાર, અમલનેર અને ધરણગાંવ સહિતના ખાનદેશી પરિવારો, જેઓ ધંધા-રોજગાર કે શિક્ષણ અર્થે અવારનવાર વતન જાય છે, તેમના માટે આ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે.

રેલવે દ્વારા આ ટ્રેનને હવે બોઈસર અને દહાણુ રોડ સ્ટેશનો પર પણ વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સિવાય આ ટ્રેન બંને તરફની મુસાફરી દરમિયાન બોરીવલી, વિરાર, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, ભેસ્તાન, ચલથાણ, બારડોલી, વ્યારા, નવાપુર, નંદુરબાર, દોંડાઈચા સહિતના સ્ટેશનો પર ઊભી રહેશે.

1 ઓગસ્ટથી ટ્રેન નંબર 19003 દાદરથી અને 19004 ભુસાવળથી સોમ, મંગળ, બુધ, ગુરૂ, શનિ અને રવિવારે ઉપડશે, જેનું એડવાન્સ રિઝર્વેશન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ગુજરાતના 2 લાખ જેટલા સોલાર ઉત્પાદકના વેપાર ઉપર સંકટ

ડોમેસ્ટિક સોલાર સેલ ફરજિયાત કરવાના કેન્દ્રના નિયમને લીધે 15 લાખ શ્રમિકોનો રોજગાર જોખમમાં

ચેમ્બરમાં સોલાર પેનલ ઉત્પાદકો, EPC કોન્ટ્રાક્ટરો અને પ્રોજેક્ટ ડેવલપરોની મિટિંગ મળી

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા 1 જૂન 2026 થી ડોમેસ્ટિક સોલાર સેલ ફરજિયાત કરવાના નિયમને લીધે સુરત સહિત ગુજરાતના 2 લાખ સોલાર ઉત્પાદકનો વેપાર જોખમમાં મુકાયો છે. એને લીધે સોલાર EPC ક્ષેત્ર સાથે સંકળાયેલા 15 લાખ જેટલા શ્રમિકો બેરોજગાર થવાની સંભાવના,ચેમ્બરમાં સોલાર પેનલ ઉત્પાદકો, EPC કોન્ટ્રાક્ટરો અને પ્રોજેક્ટ ડેવલપરોની સંયુક્ત બેઠક ચેમ્બરમાં યોજાઈ હતી.સ્ટેક હોલ્ડરો એ આ નિયમને લીધે સોલાર EPC ક્ષેત્ર સાથે સંકળાયેલા 15 લાખ જેટલા શ્રમિકો બેરોજગાર થવાની ચેતવણી વ્યક્ત્ત કરવામાં આવી હતી.

બેઠકમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતની તમામ નાના-મોટા સોલાર પેનલના ઉત્પાદકો હાજર રહ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા 1 જૂનથી દેશમાં ફરજિયાત ALMM-II યાદીમાં દર્શાવેલ સોલાર સેલ ઉત્પાદકોના જ સેલ ફરજિયાત ઉપયોગમાં લેવાનો હૂકમ કરવામાં આવેલ છે. સોલાર પેનલ ઉત્પાદકો અને EPC કોન્ટ્રાક્ટરોની રજૂઆત હતી કે,"દેશમાં ગત વર્ષે DC કેપેસિટી પ્રમાણે લગભગ 60 ગીગાવોટનું ઈન્સ્ટોલેશન થયું છે. MNRE દ્વારા જ ALMM-I (Approved List of Modul Manufactures)ની યાદીમાં સમાવિષ્ટ સોલાર મોડ્યુલ ઉત્પાદકોની કુલ ઈન્સ્ટોલ કેપેસિટી 170 ગીગાવોટ જેટલી થાય છે. હવે દેશમાં જો કુલ ડિમાન્ડ 70 ગીગાવોટની હોય અને વાર્ષિક સોલાર પેનલનું ઉત્પાદન જો 170 ગીગાવોટનું હોય તો માત્ર 28.5ગીગાવોટના ડોમેસ્ટિક સોલાર સેલ જે ભારતમાં ઉત્પાદિત થવાના છે. તેની માંગ કેવી રીતે પૂર્ણ કરી શકે છે.વધુમાં ALMM-II યાદીમાં જે સોલાર સેલ ઉત્પાદકોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેઓ પોતાની જ સોલાર પેનલ પણ બનાવે છે. એ સંજોગોમાં આ સોલાર સેલ ઉત્પાદકો પોતાના સેલ બીજા સોલાર પેનલ ઉત્પાદકોને કેવી રીતે વેચાણ કરશે? તે પણ એક પ્રશ્ન છે.

આ સ્થિતિનું નિવારણ કરવા માટે ચેમ્બરની મિટીંગમાં કોન્ટ્રાક્ટરો દ્વારા એક સૂરે MNRE ની ALMM-II યાદીની અમલવારી ઓછામાં ઓછી 18 મહિના સુધી સ્થગિત કરવાની વાત કરી હતી. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા એ કોન્ટ્રાક્ટરોનો અવાજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સુધી પહોંચાડવાનો વિશ્વાસ આપ્યો છે.

કામરેજ પોલીસ સ્ટેશનનાં ૨૨ વર્ષ જૂના ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

સુરતઃ ૨૨ વર્ષથી કામરેજ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી યુવરાજ જયસિંગ રાઠોડ (ઉ.વ.૫૦)ને મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) ખાતેથી દબોચી લીધો હતો. પોલીસના જણાવ્યાનુસાર પકડાયેલો આરોપી યુવરાજ રાઠોડ વર્ષ-૨૦૦૫માં ફરિયાદી મયૂરસિંહ સુરેન્દ્રસિંહ જાડેજાને ત્યાં છેલ્લાં બે વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. તા.૪/૧૧/૨૦૦૫ના રોજ સવારે ૮થી ૮:૩૦ વાગ્યાના અરસામાં જ્યારે માલિક (ફરિયાદી) નાહવા ગયા હતા, ત્યારે આ ડ્રાઈવર મોકો જોઈ ખોલવડમાં આવેલી 'મહેસાણા પાઈપ સિન્ડિકેટ' નામની ઓફિસના કબાટમાંથી રોકડા રૂ.૫૪,૭૧૦ની ચોરી કરી નાસી છૂટ્યો હતો. આ ગુના સંદર્ભે કામરેજ પોલીસ મથકે આઈ.પી.સી. કલમ-૩૮૧ મુજબ ગુનો નોંધાયો હતો.

હવે શાળાઓમાં 75 ટકા વાલીને ફરજિયાત પ્રતિનિધિત્વ અપાશે

NEP-2020 અંતર્ગત રાજ્ય સરકારનો મોટો નિર્ણય

સુરતઃ રાજ્યની સરકારી, સ્થાનિક સત્તામંડળ સંચાલિત અને અનુદાનિત શાળાઓના સંચાલનમાં હવે વાલીઓની ભૂમિકા વધુ નિર્ણાયક બનવાની છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-2020ના અમલીકરણના ભાગરૂપે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના માળખામાં વ્યાપક ફેરફારો જાહેર કર્યા છે. નવા નિયમો મુજબ હવે સમિતિમાં 75 ટકા સભ્યો વાલીઓ હશે અને તેમાં 50 ટકા મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત રહેશે.

વિદ્યાર્થી સંખ્યાના આધારે 12થી 25 સભ્યોની SMCની રચના લોકશાહી પદ્ધતિથી બે વર્ષ માટે કરવામાં આવશે. આ વખતે પ્રથમ વખત સમિતિમાં ઉપાધ્યક્ષનું નવું પદ પણ ઉમેરવામાં આવ્યું છે. શૈક્ષણિક વર્ષ શરૂ થયાના એક મહિનામાં સમિતિની રચના પૂર્ણ કરવાની રહેશે અને તેની કામગીરી પર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' સીધી નજર રાખશે. નવી SMC હવે માત્ર સલાહ આપતી સમિતિ નહીં રહે, પરંતુ શાળાના વિકાસ અને સંચાલન સાથે જોડાયેલા અનેક મહત્વપૂર્ણ નિર્ણયોમાં સીધી ભાગીદાર બનશે. દરેક બાળકનું 100 ટકા નામાંકન, નિયમિત હાજરી, ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શિક્ષણ સાથે જોડવા, મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા પર દેખરેખ, શાળામાં 'સેફ્ટી વૉક' દ્વારા સુરક્ષા વ્યવસ્થા ચકાસવી તેમજ 'નિપુણ ભારત મિશન' અંતર્ગત શિક્ષણની ગુણવત્તા સુધારવા જેવી જવાબદારીઓ પણ SMCને સોંપવામાં આવી છે.

આ ઉપરાંત શાળાના નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા લાવવા સંયુક્ત બેંક ખાતું ફરજિયાત કરવામાં આવ્યું છે, જ્યારે વર્ષમાં એક વખત સામાજિક ઑડિટ પણ કરાવવી પડશે. સરકારનું માનવું છે કે વાલીઓ અને સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારીથી શાળાના વહીવટમાં જવાબદારી વધશે અને વિદ્યાર્થીઓને વધુ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી શકશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

અલનીનોને લીધે...

આવી રહી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) તથા ઐતિહાસિક હવામાનના આંકડાઓ દર્શાવે છે કે જ્યારે પણ પ્રશાંત મહાસાગરમાં સ્ટ્રોંગ અથવા સુપર અલ નીનો સર્જાયો છે ત્યારે ગુજરાતમાં વરસાદમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેના કારણે ખેતી, પીવાના પાણી અને પશુપાલન પર ગંભીર અસર પડી છે.

જુલાઈના પ્રથમ...

અરબી સમુદ્રમાંથી વધુ ભેજ ખેંચશે, જેના કારણે દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં ફરી સારા વરસાદની શરૂઆત થઈ શકે છે. જો આ સિસ્ટમ અનુકૂળ રીતે વિકસશે તો વરસાદની તીવ્રતામાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.

ભેસ્તાનમાં માતા...

અકસ્માત બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોના ટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને બેફામ ભારે વા-હનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. પોલીસે તાત્કાલિક ડમ્પર ચાલકને ઝડપી લઈને તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શનિવારે સવારે...

ગામ શોકમાં ગરકાવ થઈ ગયું હતું.

કતારમાં ગેસ પ્લાન્ટમાં થયેલા વિનાશક બ્લાસ્ટ બાદ સન્ની પટેલ ગુમ હોવાનું સામે આવતા પરિવારજનો અને સગાસંબંધીઓ સતત તેની સલામતી માટે પ્રાર્થના કરી રહ્યા હતા. જોકે બ્લાસ્ટ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન સન્નીનો મૃતદેહ મળી આવતા પરિવારની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. તેના ભાઇ રવિ પટેલે મૃતદેહની ઓળખ કર્યા બાદ પરિવારની રજૂઆત બાદ કતાર સ્થિત ભારતીય દૂતાવાસે જરૂરી કાયદાકીય પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરાવી હતી. તમામ ઔપચારિકતા બાદ સન્નીના પાર્થિવ દેહને હવાઈ માર્ગે કતારથી અમદાવાદ એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે તેમના વતન ભીમપોર ખાતે પહોંચાડવામાં આવ્યો હતો. ઘર બહાર એમ્બ્યુલન્સ પહોંચતા જ ગામલોકો અને પરિવારજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. દરેક વ્યક્તિ ભારે હૈયે પોતાના વતનના યુવાનને અંતિમ વખત જોવા આતુર હતી.

સન્નીનો પાર્થિવ દેહ ઘરે પહોંચતા જ હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. પોતાના જીવનસાથીને કાયમ માટે ગુમાવ્યાનો આઘાત સહન ન કરી શકેલી પત્ની સતત રડી પડી હતી, જ્યારે યુવાન પુત્રને ગુમાવનાર માતાના કરુણ આક્રંદથી સમગ્ર વિસ્તાર ગમગીન બની ગયો હતો. પરિવારના સભ્યો, સગાસંબંધીઓ અને ગામલોકો પણ આ દૃશ્ય જોઈ પોતાની લાગણીઓ પર કાબૂ રાખી શક્યા નહોતા. હાજર અનેક લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

મિલનસાર...

પહોંચ્યા હતા. દરેક વ્યક્તિએ ભારે હૈયે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. યુવાન વયે સન્નીના અકાળ અવસાનથી ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

સ્થાનિક સ્મશાન...

પરિવારજનો, મિત્રો અને ગ્રામજનોએ ભારે હૈયે સન્નીને અંતિમ વિદાય આપી હતી. અંતિમ સંસ્કાર દરમિયાન ઉપસ્થિત અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

PTA રૂ.6.70 અને મેલ્ટ રૂ.5.69 પ્રતિ કિલો સસ્તુ

આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવ ઘટતાં યાર્ન ઉદ્યોગને રાહત; MEGના ભાવ સ્થિર રહ્યા

સુરતઃ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેની સીધી અસર પોલિએસ્ટર યાર્ન ઉદ્યોગના મુખ્ય કાચા માલ એટલે કે PTA અને મેલ્ટના ભાવ પર પણ જોવા મળી રહી છે. છેલ્લા એક અઠવાડિયામાં યાર્નના રો-મટીરિયલના ભાવોમાં ઘટાડો નોંધાતાં યાર્ન ઉત્પાદકોને ઉત્પાદન ખર્ચમાં રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

27 જૂન, 2026થી અમલમાં આવેલા નવા દર મુજબ PTAનો ભાવ રૂ.80.80 પ્રતિ કિલો રહ્યો છે, જ્યારે 20 જૂનના રોજ તે રૂ.87.50 પ્રતિ કિલો હતો. એટલે કે માત્ર એક અઠવાડિયામાં PTAના ભાવમાં રૂ.6.70 પ્રતિ કિલોનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ MEGનો ભાવ રૂ.68 પ્રતિ કિલો પર યથાવત રહ્યો હોવાથી તેમાં કોઈ ફેરફાર થયો નથી.

મેલ્ટના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. 20 જૂને મેલ્ટનો ભાવ રૂ.98.30 પ્રતિ કિલો હતો, જે હવે ઘટીને રૂ.92.61 પ્રતિ કિલો થયો છે. આમ મેલ્ટમાં રૂ.5.69 પ્રતિ કિલોનો ઘટાડો નોંધાતાં પોલિએસ્ટર યાર્ન ઉત્પાદકોને ઉત્પાદન ખર્ચમાં સીધી રાહત મળી શકે છે.

ઉદ્યોગના જાણકારોના જણાવ્યા મુજબ ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ યથાવત રહેશે તો આગામી દિવસોમાં યાર્નના કાચા માલના ભાવમાં વધુ ઘટાડાની શક્યતા નકારી શકાય નહીં. જો કે, સ્થાનિક અને વૈશ્વિક માંગની સ્થિતિ તેમજ કાચા માલની ઉપલબ્ધતા અને હાલના ઘટાડાને કારણે ટેક્સટાઈલ અને યાર્ન ઉદ્યોગમાં વેપાર ગતિમાન બનવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પાંડેસરામાં ગ્રાહક બનીને આવેલા ગઠિયા બે મોબાઈલ ચોરી ગયા

સુરતઃ પાંડેસરાની પોલીસ કોલોની પાસે આવેલી દીપકનગર સોસાયટીમાં રહેતા અને મૂળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના વતની મુકેશ નાનાજીભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૨૬) પાંડેસરામાં બી.જી. મિશ્રા સ્કૂલની સામે, ગંગોત્રીનગર પ્લોટ નં. ૨ ખાતે 'મારુતિ મોબાઈલ' નામે દુકાન ચલાવે છે. ગત તારીખ ૦૩/૦૬/૨૦૨૬ના રોજ રાત્રે તેમની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં બે અજાણ્યા ઈસમો ત્યાં આવ્યા હતા. આ બંને ઈસમોએ દુકાનદાર પાસે મોબાઈલ જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મુકેશભાઈ જ્યારે અન્ય કામમાં કે ફોન બતાવવામાં વ્યસ્ત હતા, ત્યારે આ શાતિર ચોરોએ તકનો લાભ ઉઠાવી તેમની નજર ચૂકવી બે મોબાઈલ ચોરાઈ ગયા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે સીસીટીવી ફૂટેજ ચેક કરતા બંને ગઠિયાની કરતુત બહાર આવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરત રેલવે સ્ટેશન પર 24 કિલો ગાંજા સાથે મહિલા સહિત બે પકડાયાં

વેસ્ટ પેસેન્જર વેટિંગ હોલ પાસે શંકાસ્પદ હિલચાલ બદલ રેલવે પોલીસે દબોચ્યા

મોબાઈલ, રોકડા સહિત કુલ 12.15 લાખનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પરિસરમાંથી પોલીસે 24 કિલોથી વધુના ગાંજા સાથે ઓરિશાના બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. રૂ. 12.07 લાખના ગાંજો, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ. 12.15 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

સ્ટેશન પર પોલીસને એક મહિલા અને એક યુવક શંકાસ્પદ હાલતમાં ફરતા નજરે પડ્યા હતા. તેમની પૂછપરછમાં તેમના જવાબો સંતોષકારક ન જણાતા પોલીસે તેમના સામાનની સઘન તલાશી લીધી હતી, જેમાંથી 24,155 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીઓ છાબિતદાસ (ઉં.વ. 36) અને બિકાશ (ઉં.વ. 20) ઓરિશાના ગંજામના રહેવાસી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે બંને આરોપીઓ વ્યવસાયે મજૂરી કામ કરે છે અને ટ્રેન મારફતે આ નશીલા પદાર્થની હેરાફેરી કરી રહ્યા હતા. આ માલ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને સુરતમાં કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

ઈચ્છાપોરના ભાઠા ગામ પાસે ચાલુ કારમાં આગ: ચાલકનો બચાવ

કારચાલક સમયસૂચકતા વાપરી, ભારે મુશ્કેલી વચ્ચે સમયસર કારની બહાર કૂદી જતાં તેનો જીવ ચમત્કારિક રીતે બચી ગયો

સુરતઃ સુરત શહેરમાં ચાલુ વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે શનિવારે સવારે ઈચ્છાપોરના ભાઠા ગામ નજીક વધુ એક આવી ઘટના સામે આવી છે. ભાઠા ગામ ખાતે આવેલી જીઈબી ઓફિસ પાસેથી પસાર થઈ રહેલી એક ફોર વ્હીલ કારમાં કોઈ કારણસર ભીષણ આગ ભડકી ઊઠી હતી. પળવારમાં જ કાર આગના ગોળામાં ફેરવાઈ જતાં હાઈવે પરના અન્ય વાહનચાલકોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે કારચાલકે અદભૂત સમયસૂચકતા વાપરી, ભારે મુશ્કેલી વચ્ચે સમયસર કારની બહાર કૂદી જતાં તેમનો જીવ ચમત્કારિક રીતે બચી ગયો હતો.

આ ગંભીર ઘટના અંગે તાત્કાલિક જાણ કરવામાં આવતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સબ ફાયર ઓફિસર સંપથ સુથારે જણાવ્યું હતું કે, આ કાર મિલિંદ શાહ નામના નાગરિકની હતી અને તેઓ પોતાની કારને રિપેરિંગ માટે શો-રૂમ પર લઈ જઈ રહ્યા હતા, તે જ સમયે આ દુર્ઘટના ઘટી હતી. ઘટનાને પગલે કારચાલક અત્યંત ગભરાઈ ગયા હોવાથી સ્થાનિકોએ તેમને પાણી પીવડાવીને સ્વસ્થ કર્યા હતા. જો કે, ફાયરના જવાનોએ આગ ઓલવી દીધી હતી, પરંતુ ત્યાં સુધીમાં કારનો મોટો ભાગ બળીને ખાખ થઈ જતાં ભારે નુકસાન થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં છેલ્લા કેટલાક વખતથી કારમાં આગ લાગવાની ઘટનાઓ ગંભીર રીતે વધી રહી છે. જો કે સારી બાબત એ છે કે લોકો સમય પહેલા કારની બહાર નીકળી જાય છે.